*While reaching Bharuch, one would be amazed to discover the long rampart which is dominating the peaceful Narmada waters. It creates an unforgettable scene.*



This grand picture reflects the rich history of an ancient city which was once upon a time the gateway of the Indian subcontinent. Local sayings trace the origin of Bharuch to the time of the legendary sage Brighu Rishi who would have given his name to the city (in Sanskrit "Bhrgukachchha" for Bhrgu's riverbank).

All throughout the Greek and the early historical period Bharuch was a prosperous trade centre and the first port town of India. It was an attractive commercial place where all merchandises were available (olive oil and red coral from Mediterranean Sea, ivory, gems, wood work, prints and various types of fabrics from Bharuch and other regions of India, spices from South-East Asia, etc).



Numerous merchants and travellers recorded their visit in Bharuch and wrote accounts on the glorious port: we know first about the Chinese pilgrim Xuanzang, then Arab travellers like al-Masudi, and later on Europeans like Jean de Thévenot or Jean-Baptiste Tavernier.

"Bhangyu Bhangyu Toye Bharuch"
Bharuch became the target of all great empires and rulers because of its wealth and position. The city suffered multiple attacks and raids, it although remained active till the Industrial Period. Dutch factory and Parsi traders kept it as a dynamic market, well known for *bafta* cloth.

*Today's Bharuch is no more a port, but it still stands, on the bank of the Narmada, as a majestic city.*
*Let the wind whisper in your ears stories about the glory of one of the greatest megalopolis of India...*

## ભરૂચની અસ્મિતા

ભરૂચ પહોંચતા જ નર્મદાના નીરનાં ઉપરના ભાગે કિલ્લાની લાંબી દીવાલનો જાદુઈ નજારો આપણને દંગ કરી દે છે. એક જમાનામાં ભારતીય ઉપખંડના પ્રવેશ દ્વાર એવાં આ પ્રાચીન શહેરની જાહોજલાલીની સાક્ષી પુરાવતો આ નજારો છે. એવી પણ લોક વાયકાઓ છે કે આ શહેર મહાન ભૃગુઋષિમુનિ એ પોતે વસાવ્યું છે. (સંસ્કૃતમાં ભૃગુ કચ્છ, ભૃગુનો નદી કિનારો તરીકે ઓળખાય છે)

પ્રાચીન સમયથી લઈને ગ્રીક સમય સુધી ભરૂચ એક જાહોજલાલી વાળું ખુબ જ અગત્યનું ભારતનું પ્રથમ બંદર હતું. વેપાર ઉદ્યોગથી ધમધમતું આ બંદર ભુમધ્ય સમુદ્ર તરફના ઓલિવ ઓઈલ અને લાલ પરવાળા, ભરૂચ તથા ભારતના અન્ય પ્રદેશના હાથી દાંત, રત્નો, કાષ્ઠ કારીગરી, છાપકામ, અને કાપડ, દક્ષિણ-પૂર્વ એશિયાના મસાલાના વેપારીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું.

કેટલાય વેપારીઓ અને પ્રવાસીઓએ તેમના દસ્તાવેજોમાં ભરૂચના બંદરની ભવ્યતાની સાક્ષીઓ પુરાવી છે. મુખ્યત્વે ચીનનો પ્રવાસી ઝેનઝોંગ, અરબ પ્રવાસી, અલ મસુદી અને ઇબ્ન બટુટા અને ત્યારબાદ ઝોં દ થેવનો, ઝોં બાતિસ્ત, તવૈર્હનિયે જેવા કેટલાય યુરોપિયનોનો સમાવેશ થાય છે.

'ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ'

ભરૂચની જાહોજલાલી અને અગત્યતાને લીધે ભરૂચ ઉપર કેટલાય સમ્રાટોએ અનેક વાર ભરૂચ ઉપર આક્રમણ કર્યું. આને લીધે ભરૂચને ઘણું સહન કરવું પડયું છતાં પણ ભરૂચ છેક ઔદ્યોગિક ક્રાંતિના સમય સુધી કાર્યરત રહ્યું. બાફટા કાપડ, ડચ ઔદ્યોગિક ગૃહ અને પારસી વેપારીઓએ તેને જીવંત રાખવા માટે અગત્યનું યોગદાન આપ્યું.

આજનું ભરૂચ હવે બંદર નથી રહ્યું પરંતુ એક જમાનાના વ્યાપક શહેરના ભવ્ય ભુતકાળની યાદો વાગોળતું નર્મદા નદીના કિનારે અડીખમ ઊભું છે.

Dr. Sara Keller
Conference Coodinator
sarakeller.din@gmail.com

https://knowledge.hypotheses.org/

design & printing @ LALITA, Baroda

DARSHAK
ITIHAS
NIDHI

# Bharuch Heritage

## ભરૂચની અસ્મિતા



**Monuments and Remains of a Glorious Port Town.**

ભવ્ય ભુતકાળ ધરાવતા બંદર શહેરના અવશેષો અને ઈમારતો.

# *Bharuch Walled City*

## ભરૂચની અસ્મિતા

**1** The Parsi Agiari dated 1760 is one of the oldest Fire Temples of Bharuch. The port hosted a strong community of Parsi merchants who built many mansions and several other temples.

પારસી અગિયારી,૧૭૬૦, ભરૂચની જુનામા જુની અગિયારીઓમાંની એક છે.ભરૂચ બંદર પરના સમૃદ્ધ પારસી વેપારીઓએ બીજી ઘણી અગિયારીઓ અહીં બંધાવી હતી.



**2** The Juma Masjid, completed in 1321, is one of the oldest mosque of Gujarat. The prayer hall is a massive building with pillar facade. It stands, due to its spolia, at the confluence of multiple cultural forms.


જુમ્મા મસ્જીદ, મુહંમદ તુગલક ના સમયગાળા દરમિયાન ૧૩૨૧ની સાલમાં ભરૂચમાં બાંધવામાં આવેલી આ મસ્જીદ ગુજરાતની સૌથી પ્રાચીન મસ્જીદોમાંની એક છે. જેમાં નમાજ અદા કરવા માટેનો વિશાળ ખંડ આવેલો છે. જેનો રવેશ ઊભા આધારસ્તંભો વાળો દેખાય છે. આ ઈમારત ઉચ્ચકોટીના બહુવિધ સાંસ્કૃતિક મેળાવડાના પુરાવા સમાન છે.



**3** The Brighu Rishi Sthan is said to be standing where the city of Bharuch was founded by the sage. The temple still bears ancient lingas and reliefs.

ભૃગુ ઋષિનું સ્થાન, પ્રાચીન લિંગ તથા મુર્તિઓ ધરાવતું આ મંદિર ભૃગુઋષિના સ્થાન તરીકે જાણીતું છે. એવું કહેવાય છે કે આ ઋષિમુનિએ જાતે આ જગ્યાએથી ભરૂચની સ્થાપના કરી હતી.






**4** Dashashwamedh Ghat on the Narmada is the place where the Asura King Mahabali would have done the sacrifice of ten horses. Several temples are built near the ghats.

નમદા નદીના કિનારે દશાશ્વમેધ ઘાટ આવેલો છે. કહેવાય છે કે અસુરોના રાજા મહાબલિએ આ જગ્યા ઉપર દશ ઘોડાઓની બલિ ચઢાવી હતી. આ ઘાટની આસપાસ બીજા ઘણા મંદિરો આવેલા છે.

**9** The Madrasa Mosque is one unique example of Islamic wooden architecture in India. The building was repaired in 1609 but the finely carved wooden pillars may be going back to the 11th C. Adjoining is the shrine of famous Saint Maulana Ishaq (died 1660).

મદ્રસા મસ્જીદ,આ મસ્જીદ ભારતીય ઈસ્લામિક કાષ્ઠકલા તથા સ્થાપત્યકલાનો બેજોડ નમુનો છે. આઈમારતનું સમારકામ ૧૬૦૯માં કરવામાં આવેલું, પરંતુ તેનું બાંધકામ કદાચ ૧૧મી સદીમાં કરવામાં આવ્યું હશે. આ સ્થાપત્યને લગોલગ પ્રખ્યાત સંત મૌલાના ઈશ્કની



**5** The Golden Bridge built in 1881 by the British crosses the Narmada. The narrow iron bridge which is still in use offers a splendid view on the city.



ગોલ્ડન બ્રીજ, ભરૂચ પાસે નર્મદા નદીના બે કાંઠાને જોડતો ૧૮૮૧માં અંગ્રેજો દ્વારા બાંધવામાં આવેલો આ પુલ આજે પણ પ્રજાની સેવામાં અડીખમ ઊભો છે. આ સાંકડો પુલ ભરૂચ પાસે નર્મદા નદી પરના નજરાણાં સમાન છે.

**8** The strong stone and brick city rampart is still standing on the Narmada side.



The large Furza Tower remains as major city landmark and place where custom duties of the port were cleared.

ભરૂચનો ગઢ, ઈંટો અને પત્થરનો બનેલો આ ગઢ આજે પણ નર્મદા કિનારે અડીખમ ઉભો છે. એક જમાનામાં જેનો ઉપયોગ ભરૂચ બંદરની જકાત ઉઘરાવા માટે કરવામાં આવતો હતો.

**7** The Begum Vadi is a 18th C. building named after the daughter of the big merchant Mirza Moazziz. It is now one of the spacious Parsi building which terraces and gardens offer a wunderful view on the Narmada.



એક મોટા પારસી વેપારી મિર્ઝા મુઆઝિઝે ૧૮મી સદીમાં તેની દીકરીના નામ પરથી આ બેગમ વાડી નામનું આલિશાન મકાન બંધાવ્યું હતું.
વિશાળ અગાસીઓ અને બગીચા ધરાવતું આ સંકુલ પરથી આજે પણ નર્મદા નદીનો સુંદર નજારો જોવા મળે છે.

**6** Numerous carved havelis and housing from 17th to 20th C have survived in the bazars and residential streets of Bharuch. They remind of the presence of many foreign merchants (such as the Dutch and the British Factory), and of the wealth of the city inhabitants.



સુંદર કોતરણીવાળી ૧૮, ૧૯ અને ૨૦મી સદીની કેટલીય હવેલીઓ આજે પણ ભરૂચની બજાર તથા રહેણાંક વિસ્તરમાં ઉપસ્થિત છે. જે ભરૂચના ભૂતકાળ અને જાહોજલાલીની સાક્ષી પુરાવે છે.

N

0 200 M